# કોર્પોરેશન – સોસાયટીના રોડ-ભ્રષ્ટાચાર અને બાળકો

અમદાવાદ મ્યુનિસિપાલિટીનો ઘાટલોડિયા વિસ્તાર. ઘાટલોડિયામાં આવેલ વિધાતા સોસાયટી. જ્યાં કોર્પોરેશન સોસાયટીના સહયોગથી સરકારી સ્કીમ મુજબ સોસાયટીમાં રોડ બંધાવે છે. સોસાયટીમાં કેવા પ્રકારનો રોડ બાંધવો તે માટેના ધારાધોરણ કોર્પોરેશને કરેલ છે. આ માટે ચોક્કસ ધારાધોરણો અને પ્રક્રિયા અંતર્ગત ખાનગી કોન્ટ્રાક્ટરોને કામ સોંપવામાં આવે છે. કોન્ટ્રાક્ટરે કોર્પોરેશનની માગદર્િ
સકા મુજબ કામ કરવાનું હોય છે અને તે અંગેની બાંહેધરી પણ કોર્પોરેશન કોન્ટ્રાક્ટર પાસેથી મેળવે છે. આ રીતે ચાલતા કામ પર જે તે વિસ્તારના કોર્પોરેશનના ઇજનેરો ધ્યાન આપતા હોય છે. આ રીતે ગુજરાત ભરમાં અનેક સોસાયટીમાં રોડ બાંધવાના કામ પૂર્ણ થયા અને અનેક સોસાયટીમાં રોડ બાંધવાના કામ ચાલુ છે, ત્યારે કોર્પોરેશનના અધિકારીઓ અને ખાનગી કોન્ટ્રાક્ટરો વચ્ચે કોઇ નકારાત્મક સાંઠગાંઠ હોય તેવું સ્પષ્ટ પણ દેખાઇ આવે છે અને તેની અસર સોસાયટીના અને સરકારના માત્ર પૈસા જ વેડફાય છે એવું ન રહેતાં ભાવિ પટેઢી સમાન યુવાનો અને બાળકોના માનસ પર પણ અંકિત થાય છે તેમ સ્પષ્ટ પણ જણાયું.

વાત એમ બની કે, ઘાટલોડિયા વિસ્તારની વિધાતા સોસાયટીમાં ૫૦૦ મીટર જેટલો રોડ છેલ્લા ચાર-છ માસથી બંધાય છે !હજુ કામ પૂર્ણ થયું નથી ! કોન્ટ્રાક્ટરે રોડ બાંધવા માટે કોર્પોરેશનના નીતિનિયમોનું સહેજ પણ પાલન કર્યું હોય તેવું સોસાયટીના સભ્યોને લાગયું નહીં,જેથી સોસાયટીએ કોર્પોરેશનને જાણ કરતી એક કરતાં વધુ વખત અરજી કરી. ઉપરાંત રોડ એવો બનાવવામાં આવ્યો કે પહેલાજ વરસાદમાં રોડ પર અને સોસાયટીમાં પાણી ભરાઇ ગયા. જે અંગેની જાણ ટેલિફોનિક અને રૂબરૂ કોર્પોરેશનના લાગતા વળગતા અધિકારીઓને કરવામાં આવી, પણ પરિણામ શૂન્ય.કોઇ અધિકારી કે કોન્ટ્રાક્ટર સોસાયટીમાં ફરકતા પણ નથી ! આથી સોસાયટીના સભ્યો વારંવાર સોસાયટીમાં રાત્રીના સમયે જાહેરમાં મિટીંગ કરવા લાગ્યા અને હવે આગળના પગલાં શું લેવા તેની ચર્ચા માટે અવારનવાર સોસાયટીમાં જાહેરમાં એકઠા પણ થતાં. આવા સમયે સ્વાભાવિક છે કે, સોસાયટીના યુવાનો જે શાળાકોલેજમાં અભ્યાસ કરતા હોય તેઓ પણ હાજર રહેતા. ઉપરાંત સોસાયટીમાં દરેક ઘરમાં રોડને લઇને ચર્ચાઓ થતી જ હોય ત્યારે ઘરમાં રહેલા નાના બાળકો પણ તે સાંભળતા હોય જ તે સ્વાભાવિક છે. ઉપરાંત ટીવી પર સોસાયટીના સભ્યોની લાગણી અને માંગણીના દશ્યે પણ આવી ગયા. ત્યારે આ નવયુવાનો અને નાના બાળકોના મન પર સોસાયટીમાં બનતા રોડને લઇને કેવા કુસંસ્કારો ઘર કરી જાય છે તે અનુભવવા મળ્યું.

સોસાયટી તરફથી લેખિતમાં જાણ કરવા છતાં કોન્ટ્રાક્ટર પોતાની રીતે જ કામ કરતો હોય તો તેનો અર્થ એવો થાય કે, કોન્ટ્રાક્ટરને કોર્પોરેશન તરફથી કોઇ સૂચના આપવામાં આવી નથી અથવા તો જો સૂચના આપવામાં આવી હોય તો તેને કોન્ટ્રાક્ટર ધ્યાને લેતો નથી એટલે કે તેને કોર્પોરેશનનો કોઇ ડર નથી અથવા તો કોર્પોરેશનના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો વચ્ચે કોઇ સમજૂતી થયેલ હોય.ત્યારે શાળા કક્ષાએ અભ્યાસ કરતા બાળકોના મનમાં ઉઠેલા પ્રશ્નો આપણને ઘણું કહી જાય છે, જો આપણે સંવેદનશીલ હોઇએ તો બાળકોને જવાબ આપવાનો પણ ડર લાગે છે. બાળકોના મનમાં ઉઠેલા પ્રશ્નો અહીં રજૂ કરું છું. તેનો જવાબ બાળકોને શું આપીશું ? જો જવાબ આપીશું તો બાળકોના મન પર કેવી અસર થશે ? રોડના પૈસા સરકાર આપે છે તો કોન્ટ્રાક્ટર આવું ખરાબ કામ કેમ કરે છે ? કોન્ટ્રાક્ટર આવું

કરે તો અધિકારીઓ કેમ દેખરેખ રાખતા નથી ? અધિકારીઓને સોસાયટીવાળા જાણ કરે તો પણ કેમ તેઓ સોસાયટીમાં આવીને ઉકેલ લાવતા નથી ? શું બધા અધિકારીઓ અને કોન્ટ્રક્ટરો આવું કરતા હશે ? અધિકારીઓ કેમ રસ લેતા નથી  તેમને શું ફાયદો ? ટીવી પર સમાચાર આવે છે તો પણ મોટા અધિકારીઓ કેમ ધ્યાન નહીં આપતા હોય ? જે અધિકારી અને કોન્ટ્રાક્ટર આવું ખરાબ કામ કરતા હોય તેમને શિક્ષા કેમ કરવામાં નથી આવતી ?  નાના બાળકોના પ્રશ્નોના જવાબ કદાચ વડિલ પાસે હોતા નથી પણ આજના નવયુવાનો કોલેજીયનો તરત જ જવાબ આપે છે કે , મોટા અધિકારી પાસે પણ ભ્રષ્ટ્રાચારના હપ્તા આપવામાં આવે છે. આવા તો ઘણાં પૈસા સરકાર અને પ્રજાના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર ખાઇ જાય છે.

અહીં દુ:ખ એ તાય છે કે, બાળકોને નાનપણથી જ આપણે નાગરિકતાના કેવા પાઠ શીખવીએ છીએ ? પેલા કોલેજીયન આમસમાજમાં કર્ષોકર તરીકે હજુ હવે પ્રવેશ મેળવે છે ત્યારે તે કેવી ગ્રંથી સાથે સમાજમાં પ્રવેશે છે ? નાના બાળકો જ્યાં સમજવાનો પ્રયત્ન કરે છે ત્યારે કેવી સમજ લઇને મોટા થશે ? શાળામાં શિક્ષક નાગરિકશાસ્ત્ર શીખવતા હોય, તેમાં પણ સરકારની વિવિધ યોજનાની વાત કરતા હોય કે સરકારના લોકોપયોગી કર્ષોક્રમની વાત કરતા હોય ત્યારે વિદ્યાર્થીઓના મનમાં કેવા વિચારો ચાલી રહ્યા હશે? આ વિદ્યાર્થીઓ અંદરોઅંદર કેવી વાત કરતા હશે ? પેલા કોલેજીયનો કોલેજ પૂરી કરીને સરકારી કોઇ નોકરી મેળવશે ત્યારે શું કરશે ? ભ્રષ્ટાચાર કરશે કે તેનાથી દૂર રહેશે ? શાળામાં શિક્ષક દેશદાઝની વાત કરતા હોય, કોઇ સાંસ્કૃતિક કાર્યક્રમની વાત કરતા હોય, તેમાં પણ કોઇ અધિકારીને મહેમાન તરીકે બોલાવવામાં આવ્યા હોય ત્યારે બાળકોના મનનાં વિચારોની કલ્પના કરો . ત્યારે પ્રશ્ન થાય છે કે, બાળકોના મનને બગાડે છે કોણ ? વાલી કે સરકારી અધિકારીઓ કે પૈસા કમાવાનો ધંધો લઇને બેઠેલા પેલા કોન્ટ્રાક્ટર જેવા વ્યક્તિઓ? આમ જોતાં બાળક ક્યારેક મનમાં ઘણું બધું ગંદુ લઇને શાળામાં જાય ચે ત્યારે બિચારા શિક્ષકો ગમે તેવી જોશભરી દેશદાઝની વાત કરે તો પણ સફળ ક્યાંથી થાય ? પછી આપણે જ કહેવાના કે, શિક્ષકો શાળામામ કશું શીખવતા નથી. હકીકતમાં બાળકો જો બગડતા હોય તો તે સાળાકોલેજોમાં નહી પણ ઘર, સોસાયટી અને સમાજમાં વધુ બગડે છે. અને તેમને બગાડવામાં કહેવાતા ઉચ્ચ લોકોનો ફાળો નાનો નથી .

અંતે, ઉપરોક્ત વાત જો કોર્પોરેશનના અધિકારી કે કોર્પોરેટરોને સ્પર્શી જાય તેમ હોય તો ઉપરોક્ત સોસાયટીમાં ચાલતા કામને યોગ્ય કક્ષાએ પહોંચાડે, તેમજ જ્યાં પણ જે દોષી લાગે તેની પર તાત્કાલિક કાર્યવાહી કરીને તેની જાણ સોસાયટીમાં કરે તો સોસાયટીમાં રહેલા આશરે ૭૦-૮૦ જેટલા બાળકોના મનમાં પેઠેલા કુવાચારો દૂર થશે, તેઓ બીજા અનેક બાળકોને આ વાત કરશે તો બીજા અનેક બાળકોના મનમાં હકારાત્મક વિચારો ઉઠશે અને સાચા નાગરિકતાના પાઠ લઇને સમાજમાં મોટા થઇને પ્રવેશ કરશે. આમ સરકારી અધિકારીઓ પણ સાચા અર્થમાં નાગરિકતાના પાઠ પોતાની ખુરશી પર બેસીને પણ શીખવી શકે.